**મોડાસાનું ટીંટોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર**

# બિસ્માર હાલતમાં હોવાથી દર્દીઓની હાલત કફોડી

## ટીંટોઇ પીએચસી સહીત જીલ્લાના પીએચસી તબીબોના અભાવે ચાર્જથી ચલાવવામાં આવે છે




મોડાસા, તા. ૮

રાજ્ય સરકાર ના વિકાસના પોકળ દાવાઓ અને આરોગ્ય લક્ષી સેવાઓ પૂરતી ઉપલબ્ધ હોવાની ગુલબાંગો વચ્ચે રાજ્યની આરોગ્યલક્ષી સેવાઓ કથળતા અને અણધડ વહીવટના પગલે બિમારલોકો ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે મફત આરોગ્ય લક્ષી સેવાઓની ભારે જાહેરાતો વચ્ચે પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં અપૂરતા તબીબો અને કર્મચારીઓ ઘટના પગલે આરોગ્યલક્ષી સેવાઓમાં રાજ્યસરકાર નિષ્ફળ રહી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળે છે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વસ્તીની દ્રષ્ટિએ મોટામાંમોટા ટીંટોઇ ગામે આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના તબીબ રજા પર ઉતારી જતા છેલ્લા કેટલાક દિવસો થી ચાર્જમાં ચલાવતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં તબીબોની અનિયમિતતાના પગલે હાલ ખુદ ટીંટોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બીમાર હાલતમાં હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા તાલુકામાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર,સરકારી દવાખાના અને અર્બન સેન્ટર તબીબોના ચાર્જથી અને તબીબો વગર ખાલી રહેતા આરોગ્ય કર્મચારીનો હવાલે હોવાથી બીમાર દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલ પ્રાથમિક આરોગ્યકેન્દ્ર ગામલોકો અને આજુબાજુના ૨૦ થી વધુ ગામડાઓના બીમાર અને ગરીબ દર્દીઓ માટે આશીર્વાદ સમાન છે પરંતુ ટીંટોઇ પીએચસી ખાતે ફરજ બજાવતા તબીબ છેલ્લા કેટલાક મહિનાઓથી રજા પર હોવાથી જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા તબીબીના ચાર્જથી ગાડું ગબડાવી રહ્યા છે તબીબોની અનિયમિતતાના પગલે અને ત્રણ દિવસ થી ચાર્જમાં રહેલ તબીબની બદલી અન્ય થતા તબીબ વિહોણું બનતા લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે દરરોજ ૨૦૦ જેટલા દર્દીઓને મળતો લાભ તબીબોના અભાવે બંધ થતા ગરીબ દર્દીઓને મોંઘીદાટ સારવાર લેવાનો વારો આવ્યો છે ગરીબ દર્દીઓ ધરમધક્કા ખાઈ રહ્યા છે ટીંટોઇ ગામના જાગૃત નાગરિકો દ્વારા ટીંટોઇ પ્રાથમિક આરોગ્યકેન્દ્રમાં જ્યાં સુધી રજા પર રહેલા મહિલા તબીબ હાજર ન થાય ત્યાં સુધી તબીબો ના ચાર્જ ના બદલે કાયમી તબીબ મુકવાની ઉગ્ર માંગ કરી રાજ્ય આરોગ્યવિભાગના મંત્રી ને લેખિત જાણ કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હતી

# ડીસામાં વિશ્વ કલ્યાણ અર્થે યુવકનું પંચાગ્નિ તપ

ડીસા, તા. ૮

બનાસકાંઠાના ડીસા નજીક પાલનપુર હાઈવે પર આવેલા ભોયણ પાસે રામેશ્વર મહાદેવ મંદિર પરિસરના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં એક કર્મકાંડી બ્રાહ્મણ યુવક હળાહળ કળિયુગમાં પણ સતયુગની પ્રતિતિ કરાવે તેવુ પંચાગ્ની તપ કરી રહ્યો છે. આ તપ માત્રને માત્ર વિશ્વ કલ્યાણ તેમજ લોકોની સુખાકારી માટે નિઃસ્વાર્થ ભાવે કરાઈ રહ્યું છે.

ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલા વિશ્વકર્મા નગરમાં રહેતા પંડીત દુષ્યંત ગણેશભાઈ કૌશિક જન્મજાત કર્મકાંડી હોઈ લોકસેવાના ઉમદા આશયથી પુખ્ત વયની ઉંમરથી જ અગીયાર વખત પંચાગ્નિ તપ કરવાનો દ્દઢ સંકલ્પ ગુરૂઆજ્ઞાથી કર્યો હતો. જેમના ગુરૂ હેમતજીના આદેશથી ૨૦૧૧માં જેઠ માસમાં અગનગોળા વરસાવતી ગરમી અને અગ્નિકુંડ વચ્ચે મહાદેવીયા ખાતે આવેલ સોનેશ્વર મહાદેવના સાનિધ્યમાં ૧૯ વર્ષની વયે પંચાગ્ની તપની શરૂઆત કરી હતી. ત્યારબાદ ૨૧ વર્ષની વયે ૨૦૧૩ માં ફરી જેઠ માસના ધોમધખતા તાપમાં અગ્નિ પ્રજવલિત કરી હવન વચ્ચે બેસી મહાદેવીયા સોનેશ્વર મહાદેવના સાનિધ્યમાં બીજુ પંચાગ્ની તપ શરૂ કર્યું હતું. જ્યારે ૨૩ વર્ષની વયે ડીસા ખાતેની સાંઈબાબા કુટીરના સાનિધ્યમાં જેઠમાસમાં ત્રીજું, રામેશ્વર મહાદવ,ભોયણ ખાતે ચોથું તેમજ ઉકરડા બાલારામ સ્થિત મકુનપુરી મહારાજની ધુણીની જગ્યામાં ચીનુ ભારતીજી મહારાજના પ્રાંગણમાં ૨૫ વર્ષ ની વયે ૨૦૧૭ માં વૈશાખી તાપમાં પાંચમું જ્યારે બાલુદ્રા ખાતેના આશ્રમમાં વર્ષ૨૦૧૭ માં ૨૫ વર્ષની



વયે જેઠમાસમાં છઠ્ઠું અને આ વર્ષે સાતમું પંચાગ્ની તપ આ કર્મકાંડી બ્રાહ્મણ દ્વારા કરાઈ રહ્યું છે. અત્યારે ગરમીના ઉકળાટમાં પાંચ મિનિટ પણ પંખા, એ.સી.કુલર વિના માનવી રહી શકતો નથી ત્યારે આ મહારાજ સવારના ૧૦ થી બપોરના ૨ વાગ્યા સુધી ધોમધખતા તાપમાં આવું આકરું પંચાગ્નિતપ કરી રહ્યા છે.

## કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમિ બામણા ગામમાં લોકડાયરો યોજાયો

ભિલોડા,તા.૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના બામણા ગામના કવિવર ઉમાશંકર જોષીની જન્મભુમિ બામણા ગામમાં શૈક્ષણિક સંકુલ અને શિક્ષણના લાભાર્થે લોકડાયરો યોજાયો હતો.શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત સ્વ. શાંતાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, શ્રી ડી. એમ. બી. પી. હાઈસ્કુલ, સાર્વજનિક કુમાર છાત્રાલય, બામણામાં શૈક્ષણિક વિકાસ અર્થે ભવ્ય લોકડાયરો યોજાયો હતો.ગુજરાત રાજ્યના સુવિખ્યાત અને ગૌરવ પુરસ્કૃત કલાકાર યોગેશભાઈ ગઢવી અને વત્સલાબેન પાટીલ લોકસાહિત્ય, લોકગીતો અને પૌરાણિક ભજનો પ્રસ્તૃત કર્યા હતા.

શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ, મુંબઈ સંચાલિત વિવિધ સંસ્થાઓ ૧૯૫૩ થી કાર્યરત છે. શ્રી બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ પ્રમુખ ચીમનભાઈ પંડ્યા, મંત્રી પંકજભાઈ જોષી, જગદીશભાઈ જોષી,ઉપપ્રમુખ દુર્ગાશંકર જોષી, સંયોજક ઈશ્વરભાઈ પંડ્યા, ટ્રસ્ટી અલ્કેશભાઈ જોષી, કારોબારી સભ્યો, કોલેજ પ્રિન્સિપાલ ડૉ.કલ્પનાબેન પટેલ, હાઈસ્કુલ આચાર્ય આર.ડી. પટેલ, જીલ્લાના નામાંકીત ઉદ્યોગકારો, મુંબઈથી આવેલ સન્માનીત મહેમાનો, ગ્રામજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# મહિલાને નોકરી આપવાના બહાને ગેસ્ટ હાઉસમાં દુષ્કર્મ આચરતા ફરીયાદ

**ચામાં કેફી દ્રવ્ય પીવડાવી બેભાન કરી દુષ્કર્મ આચર્યુ : મહિલા પાસેથી બદનામ કરવાની ધમકી આપી ૧૪૬૦૦ પડાવ્યાં : છેલ્લાં છ માસથી તેની મરજી વિરૂધ્ધ ત્રણ વાર એકજ સ્થળે બળજબરી કરી**

પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર પાસે આવેલ પંજાબ ગ્રીનના ગેસ્ટ હાઉસમાં વડોદરાની મહિલાને નોકરી આપવાનાં બહાને રાંધેજાનો ઈસમ લઇ જઇ ચામાં કેફી દ્રવ્ય પીવડાવી બેભાન કરી મરજી વિરૂધ્ધ અલગ અલગ દિવસે ત્રણ વાર શારીરીક સંબધ બાંધી બદનામ કરવાની ધમકી આપી ૧૪૬૦૦ પડાવી લેતાં મહિલા દ્વારા પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના તાજપુર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ હોટલ પંજાબ ગ્રીનના ગેસ્ટ હાઉસમાં ગાંધીનગરના રાંધેજાનો ઇસમ નરેશભાઇ અમરતભાઇ પરમાર કે જે વડોદરા ખાતે રહેતી ૪૧ વર્ષની મહિલાને નોકરી આપવાની લાલચ આપી લઈ જઈ તેને ચામાં કેફી દ્રવ્ય પીવડાવી બેભાન કરી તેની સાથે તેની મરજી વિરૂધ્ધ સંભોગ કરી અને તારા પતિને આ વાતની જાણ કરી દઈ તેમ કહી ને છેલ્લાં છ મહિનાથી ત્રણ વખત મહિલાની મરજી વિરૂધ્ધ પ્રાંતિજના તાજપુર પંજાબ ગેસ્ટ હાઉસમાં લાવી દુષ્કર્મ આચરી તેને ફોન ઉપર ધમકી આપી મહિલા પાસેથી ૧૪૬૦૦ ભરતભાઈ પીવલના ખાતામાં નંખાવી બળજબરીથી પડાવી લેતાં આખરે મહિલા દ્વારા હિંમત દાખવી પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં નરેશભાઇ અમરતભાઇ પરમાર રહે રાંધેજા તા.જી ગાંધીનગર વિરૂધ્ધ ગુનો નોધાવતા પ્રાંતિજ પોલિસે આઈપીસી કલમ ૩૭૬, ૫૦૭, ૩૨૮ ,૩૮૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પ્રાંતિજ પી.આઈ વી.આર. ચાવડા દ્વારા તપાસ હાથ ધરવા આવી છે.

# પ્રાંતિજ ખાતે નવ ખેડૂતો સામે ફરીયાદ

## પોલીસે સાંજે સરકારી પ્રોપર્ટી ને ડેમેજ કરવાના વિરોધમાં ગુનો નોંધ્યો : અટકાયત બાદ છોડી મુકીને સાંજે ફરી ફરીયાદ દાખલ કરાતા ખેડૂતોમાં રોષ



પ્રાંતિજ તા.૮

દેશભરમાં ખેડુતો દ્વારા હાલ આંદોલનને વેગ પકડ્યો છે ત્યારે તેના પડઘા ગઈકાલે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ જોવા મળ્યા હતાં અને ખેડૂતોએ ટેકટરની ટોલી મારફતે નેશનલ હાઈવે આઠ ઉપર શાકભાજીના ઢગ કરી વિરોધ કર્યો હતો. પ્રાંતિજ ખાતે ગઈ કાલે પ્રાંતિજ તાલુકાના ખેડૂતો દ્વારા દેવામાફી, શાકભાજી સહિતની ખેતીમાં પોષણક્ષમ ભાવ ના મળતાં હોય તેમજ પેટ્રોલ- ડીઝલ ના ભાવ વધારાને લઈને પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તા તથા પોગલુના પાટીયાં પાસે રોડ વચ્ચે શાકભાજીના ઢગ કરી વિરોધ દર્શાવ્યો હતો તો પોલીસ દ્વારા રોડ વચ્ચે થયેલ શાકભાજીના ઢગ દુર કરી ને ટ્રાફિક ખુલ્લો કર્યો હતો તો પોલીસ દ્વારા ઘટના બાદ નવ ખેડૂતો ની માત્ર અટકાયત કરવામાં આવી હતી અને તેવો ને ત્યાર બાદ છોડી મુકવામાં આવ્યા હતાં તો પોલીસ દ્વારા મોડીસાંજે સરકારી પ્રોપર્ટી ને ડેમેજ કરવાં ને લઈને નવ ખેડૂતો સામે કાયદેસરની ફરીયાદ કરવામાં આવી છે તો હાલતો ખેડૂતો જણાવી રહ્યાં છે કે અમને અમારી માગણીઓને લઈને વિરોધ કરવાનો અધિકાર છે અને અમારી સામે ખોટી રીતે હાલતો ફરીયાદ દાખલ કરવામાં આવી છે ત્યારે હાલતો પ્રાંતિજ પોલિસે સરકારી પ્રોપર્ટી નેશનલ હાઈવે આઠ ઉપર ટેકટર ટોલી દ્વારા શાકભાજી ના ઢગ કરવાથી રોડ ઉપર ડેમેજ કરવાનેલઈનેઆઈપીસીકલમ ૧૪૩, ૧૪૭, ૧૮૬, ૨૬૮, ૪૨૭ મુજબ નવ વિરૂધ્ધ ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

## મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાશે

મહેસાણા, તા.૭

મહેસાણા જિલ્લામાં ગ્રામ્ય અને શહેરીકક્ષાના શાળા પ્રવેશોત્સવની ઉજવણી થનાર છે. ૧૪ અને ૧૫ જુનના રોજ ગ્રામ્ય કક્ષાએ અને ૨૨ અને ૨૩ જુનના રોજ શેહેરી વિસ્તારમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી થનાર છે.જેમાં મહાનુંભાવો ઉપસ્થિત રહી માર્ગદર્શન આપનાર છે. ધોરણ ૦૮થી ધોરણ ૦૯માં ૨૦ ટકા કરતાં વધુ ડ્રોપ આઉટ રેશિયો હોય તેવી શાળાઓમાં પણ પ્રવેશોત્સવ યોજાનાર છે. આ શાળાની એક કિ.મી.ની ત્રિજયામાં આવતી પ્રાથમિકશાળા, અને આંગણવાડીના બાળકોને સંયુક્ત રીતે પ્રવેશોત્સવ યોજશે.

**મહેસાણામાં ખેડૂતોની પડતર માગણીને મામલે**

## કોંગ્રેસ દ્વારા દેખાવો કરી કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું




મહેસાણા, તા.૮

આજે કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર ખેડૂતો ના પડતર માગણીને લઈને આવેદનપત્ર આપવામાં આવી રહ્યું છે. જેમાં જમીન સહિત વીજ જોડાણ સહિત તેના અપૂરતા વીજ પુરવઠા અને પોષણક્ષમ ભાવો ન મળવાના મુદે આજે મહેસાણામાં કોંગ્રેસ દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા અને જિલ્લા અધિક કલેકટરને આવેદન આપીને પોતાનો વિર્રોધ નોધાવ્યો હતો જેમાં જિલ્લાના કોગીનેતા હાજર રહ્યા હતા.

મહેસાણા સહિત શહેરમાં યુથ કોંગ્રેસ દ્વારા આજે મહેસાણા જિલા માથેકે ખેડૂતો ના વિવિધ પ્રશ્નો પૈકી ખેડૂતોના દેવા સરકારે માફ કરવા જોઈએ સહિત વીજ જોડાણ આપવા અને યોગ્ય સમયે લાઈટ આપવી સહિત સસ્તા દરમાં વીજ બીલ આવે તેવી વ્યવસ્થા સરકારે કરવી જોઈએ જેવા અનેક મુદાઓ સાથે આજે મહેસાણા જિલ્લા કલેકટરને આવેદન પત્ર આપવાનું નક્કી કર્યું હતું જેમાં મહેસાણાના ગાંધી શોપીંગ પાસે આવેલા ગાંધીજીની પ્રતિમાથી આ રેલી જિલ્લા કલેકટર કચેરીએ પહોંચી હતી. જિલ્લા અધિક કલેકટરને આવેદનપત્ર આપીને પોતાનો વિરોધ નોધાવ્યો હતો. જેમાં કોગ્રેસની ચુંટાયેલી પાંખ સહિત હોદેદારો અને મહિલા મોરચાએ મોદી સરકાર સમક્ષ છાજીયા પણ લીધા હતા જ્યારે આવનારા સમયમાં આ સમગ્ર મામલે ઉગ્ર દેખાવો કરવામાં આવશે તેવી ચીમકી હાલમાં કોગ્રેસ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

## મોડાસામાં સી.પી.એમ. દ્વારા લાલ વાવટા ફરકાવી કેન્દ્ર સરકારનો મોંઘવારી અંગે વિરોધ પ્રદર્શન




મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લા (સી.પી.એમ) ભારત સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) સમિતિ દ્વારા ડાહ્યાભાઈ જાદવની આગેવાની હેઠળ શુક્રવારે મોડાસા શહેરમાં લાલ વાવટા સાથે મોટી સંખ્યમાં ઉમટેલા કાર્યકરોએ લાલ વાવટા ફરકાવી મોડાસા શહેરમાં રેલી યોજી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર મોંઘવારી નાથવામાં નિષ્ફળ રહેતા વિરોધ પ્રદર્શન યોજી સરકાર વિરુદ્ધ બેનર પ્રદર્શિત કર્યા હતા

અરવલ્લી જીલ્લાના સીપીએમના અગ્રણી ડાહ્યાભાઈ જાદવના જણાવ્યા અનુસાર ભારત સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી) દ્વારા પથી ૮ જૂન સુધી સમગ્ર દેશમાં મોંઘવારી, પેટ્રોલ-ડીઝલના ભાવમાં અસહ્ય વધારો ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે, મુસ્લિમો અને દલિતો પર અત્યાચાર બંધ કરવા સહીત ના મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન,રેલી અને ધરણા સહીત જેલભરો આંદોલન કરવા આહ્વાન સાથે રેલી યોજી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચૂંટણી પહેલા આપેલા વચનો ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટશે, ખેડૂતોની ઉપજના દોઢ ગણા ભાવ આપવાના વાયદા અને પેટ્રોલ-ડીઝલમાં ભાવ ઘટવાડાના વાયદા યાદ કરાવવા અને મોંઘવારી નાથવાની માંગ કરી હતી

# સુમેરપુરના દાનવીરે શક્તિપીઠ અંબાજીની જનતા માટે વૈકુંઠ રથની ગાડી દાનમાં આપી

અંબાજી, તા. ૮

અંબાજીની જનતામાં ખુશીનો માહોલ સરસ્વતી નદીના તટ પર આવેલું સ્વર્ગ ધામ અંબાજી અરવલ્લી ના પહાડો મા આવેલુ છે, આ ધામ મા ૫૧ શક્તિપીઠના આદ્યશક્તિ અંબાનું પ્રાચીન મંદિર આવેલુ છે. આ ધામ માં અંબાજીના લોકો વસવાટ કરતા હોય છે આ ધામમાં કોઈનું પણ મૃત્યુ થાય તો તેના અંતિમ સંસ્કાર કરવા માટે ૮ કિ.મી દૂર કોટેશ્વર અંતિમધામ લઈ જવા પડે છે, કોટેશ્વર ધામ સરસ્વતી નદીના કિનારે આવેલું છે અને અહીં વાલ્મિકી આશ્રમ પણ આવેલું છે આ અંબાજી નગરથી કોટેશ્વર સુધી મૃતકના શરીરને લઈ જવા માટે કોઈ વિશેષ વ્યવસ્થા ન હતી અને મૃતકના શરીરને ખુલ્લામાં ટેક્ટર કે ટ્રકમાં લઈ જવામાં આવતા, અંબાજીના વિવિધ સંઘઠનો અને લોકો દ્વારા




સબવાહિનીની વ્યવસ્થા જલ્દી થાય તેવા પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા હતા આજે અંબાજીની જનતાની આ માંગ પુરી થઈ હતી. મુળ પાલી જિલ્લાના સુમેરપુરના રહેવાસી અને ગુજરાતના સુરત ખાતે રહેતા રમેશલાલ અગ્રવાલ દ્વારા આજે વૈકુંઠરથની ગાડી અંબાજીના લોકો માટે દાન આપતા અંબાજીની જનતામાં ભારે ખુશી જોવા મળી હતી.

અંબાજીના મેવાડા સુથાર ધર્મશાળામાં આજે યોજાયેલા સન્માન કાર્યક્રમમાં સુમેરપુરના રમેશલાલ શ્યામલાલ અગ્રવાલના પરીવારનું સન્માન કરવામાં આવ્યુ હતુ . આ કાર્યક્રમ માં અંબાજીના ગોપાલદાસજી મહારાજ, રામદાસજી મહારાજ, અંબાજીના સરપંચ રામાવતાર અગ્રવાલ, માનવેન્દ્રસિંહજી બાપુ, કૈલાશભાઈ અગ્રવાલ અને નરેશભાઈ અગ્રવાલ હાજર રહ્યા હતા. આ વૈકુંઠ રથનું સંચાલન અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ કરશે આ કાર્યક્રમમાં અંબાજીના વિવિધ સમાજ ના આગેવાનો અને શુભેચ્છકો હાજર રહ્યા હતા કાર્યક્રમ સમાપન વખતે રમેશભાઈ અગ્રવાલ અને તેમના પરીવાર દ્વારા આ વૈકુંઠ રથની ગાડીની ચાવી અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિ ના પ્રમુખ અને સભ્યોને સોંપવામાં આવી હતી અંબાજીના અગ્રણી દિલીપભાઈ અગ્રવાલ અને મહેશભાઈ અગ્રવાલ ના વૈકુંઠ રથ માટેના પ્રયાસોને અંબાજીની જનતા એ વધાવી હતી.



અરવલ્લી જીલ્લાના મેઘરજ શહેરમાં પંચાલ રોડ પર આવેલ કોમ્યુનીટી હોલ માં રીલાયન્સ ધ્વારા પર્યાવરણ જાગૃત્તિની ઉજવણી કરવામા આવી હતી જેમાં મેઘરજ તાલુકાના ટીડીઓ,સરપંચો,મેડીકલ સ્ટોરના વેપારીઓ,મેઘરજ સીડીપીઓ તેમજ તાલુકાના ભાઈ બહેનો મોટી સખ્યામાં હાજર રહ્યા હતા જેમાં મેડીકલ સ્ટોર અને મહીલાઓને રીલાયન્સ ધ્વારા કાગળની બેગ એનાયત કરી પ્લાસ્ટીકની થેલી ન વાપરવાની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતીઅને સમગ્ર મેઘરજ માં પ્લાસ્ટીક ના ખતરાથી થતા જોખમો અંગેના બેનરો લગાડી પર્યાવરણની જાળવણીનો સંદેશો આપવામાં આવ્યો હતો.